# આરોગ્ય ક્ષેત્રે બારડોલીને અન્યાય!

**બારડોલીનો શ્રમિક ટેક્સ ભરે છે, પણ સારવાર માટે સુરત દોડે છે! ESIC હોસ્પિટલની તાતી જરૂરિયાત**

બારડોલીઃ બારડોલી સંસદીય મતવિસ્તારમાં ESIC (કર્મચારી રાજ્ય વીમા નિગમ) હોસ્પિટલના અભાવે લાખો શ્રમિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ મુદ્દે કેન્દ્ર સરકારમાં રજૂઆત કરવા છતાં હજી સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જો આ હોસ્પિટલ શરૂ કરવામાં આવે તો બારડોલી વિસ્તારના સંગઠિત ક્ષેત્રના લાખો કર્મચારીઓ અને તેમના પરિવારને તેનો ફાયદો મળી શકે એમ છે.

બારડોલી અને આસપાસના કડોદરા, પલસાણા સહિતના વિસ્તારોમાં મોટા પાયે ઔદ્યોગિક એકમો આવેલાં છે, જ્યાં લાખોની સંખ્યામાં કર્મચારીઓ કાર્યરત છે. આ કર્મચારીઓ ESIC યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા હોવા છતાં, તેમને પૂરતી તબીબી સુવિધાઓ ઉપલબ્ધ નથી. વર્તમાન સમયમાં આ વિસ્તારમાં એક પણ ESIC હોસ્પિટલ ન હોવાથી, સામાન્ય બિમારીથી લઈને ગંભીર બીમારીઓની સારવાર માટે પણ કર્મચારીઓને સુરત સુધી લાંબા થવું પડે છે. આના કારણે તેમનો સમય અને પૈસા બંનેનો વ્યય થાય છે, ઉપરાંત ઈમરજન્સીની સ્થિતિમાં તાત્કાલિક સારવાર ન મળતાં જીવનું જોખમ પણ ઊભું થાય છે. આ વિસ્તારની મર્યાદિત તબીબી સુવિધાઓને ધ્યાનમાં રાખીને, અહીં ૨૦૦થી ૩૦૦ બેડની ESIC હોસ્પિટલ બનાવવાની અત્યંત આવશ્યકતા હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. જો આ હોસ્પિટલનું નિર્માણ થાય તો, સ્થાનિક લોકો, કામદારો અને જરૂરિયાતમંદ દર્દીઓને ગુણવત્તાસભર તબીબી સુવિધા સરળતાથી અને નજીકમાં જ ઉપલબ્ધ થશે, જે તેમના સ્વાસ્થ્ય અને કલ્યાણ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થાય એમ છે.

### સ્થાનિકો માટે સિવિલ હોસ્પિટલ શરૂ થાય તેવી પણ માંગ

સ્થાનિક ગરીબોએ નિઃશુલ્ક ઉપચાર માટે સુરતની નવી સિવિલ કે સ્મીમેર હોસ્પિટલ સુધી લંબાવવું પડે છે. હાલમાં બારડોલીમાં સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ કાર્યરત છે. જો કે તેમાં પૂરતી સગવડ અને નિષ્ણાત તબીબો ન હોવાથી દર્દીઓને સુરત રિફર કરી દેવામાં આવે છે. સુરત શહેરમાં સ્થાનિક ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને જવા-આવવામાં પણ મુશ્કેલી પડતી હોય છે. સુરત મેટ્રો શહેર હોય જે ગામની બહાર ગયા ન હોય તેવા લોકોને મુશ્કેલીના સમયમાં આવા મોટા શહેરના ધક્કા ખાવામાં સારવાર કરતાં ભાડાનો ખર્ચો વધી જતો હોય છે. આવા સમયે બારડોલી વિસ્તારમાં સિવિલ હોસ્પિટલને પણ મંજૂરી આપવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે. આ બાબતે સ્થાનિક નેતાઓ પણ પૂરતું ધ્યાન આપે તેવી આશા લોકો રાખી રહ્યા છે. કામરેજને જનરલ હોસ્પિટલની માંગ પૂરી કરવામાં આવી છે. જો કે, કામરેજ સુરત શહેરથી નજીક અને સારી રીતે વાહન વ્યવહારથી જોડાયેલું છે. જો બારડોલીમાં આવી હોસ્પિટલને મંજૂરી મળે તો તાપી, ડાંગ જિલ્લા ઉપરાંત સુરત જિલ્લાના મહુવા, અંબિકા, પલસાણા, માંડવી, અરેઠ, ઉમરપાડા જેવા તાલુકાઓના લોકોને પણ મોટો ફાયદો થઈ શકે એમ છે.

### પલસાણા સહિત તાપી જિલ્લાને પણ ફાયદો થઈ શકે

બારડોલીમાં આ હોસ્પિટલ સ્થાપવામાં આવે તો બારડોલી ઉપરાંત કડોદરા પલસાણામાં ઔદ્યોગિક એકમમાં કામ કરતાં કામદારોની સાથે સાથે તાપી અને ડાંગ જિલ્લાના સંગઠિત ક્ષેત્રના કામદારોને પણ મોટો ફાયદો થઈ શકે એમ છે. જો કે આ બાબતે કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી માટે એકાદ વર્ષ પૂર્વે વિસ્તારના સાંસદ દ્વારા કેન્દ્રીય આરોગ્ય મંત્રીને રજૂઆત પણ કરવામાં આવી છે. ત્યારે આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઊઠી છે.

## કાંદાની આડમાં લઈ જવાતો રૂ.11.19 લાખનો દારૂ પકડાયો



**વ્યારાના ટીચકપુરા પાસે બનેલી ઘટના, રૂ.21.24 લાખનો મુદ્દામાલ કબજે**

વ્યારાઃ તાપી LCB અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે ટેમ્પોમાં કાંદાની આડમાં લઈ જવાતો લાખો રૂપિયાનો દારૂ ઝડપી પાડ્યો હતો.

તાપી LCB અને પેરોલ ફ્લો સ્ક્વોડની ટીમે બાતમીના આધારે વ્યારાના ટીચકપુરા બાયપાસ હાઈવે પર ચેકિંગ દરમિયાન કાંદાની ગુણી ભરેલો ટેમ્પો નં.(MH 18 BG 30)માં ભારતીય બનાવટનો 11,19,360 રૂપિયાનો અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો. સાથે ટેમ્પો ચાલક આરોપી મચ્છીદ્ર બાલુ ચવ્હાણ (ઉં.વ.42) (રહે.,બેલદાર વાડી, હડસુની, તા.જિ.ધુલિયા, મહારાષ્ટ્ર)ની ધરપકડ કરી વિદેશી દારૂ કુલ કિં. રૂ.11,19,360, મોબાઈલ ફોન-1 અંદાજિત કિં.રૂ.5000 અને ટેમ્પો રૂ.10,00,000 મળી કુલ રૂ.21,24,360નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## પલસાણા તાલુકામાં ગ્રામ વિકાસ સાથે શિક્ષણ પર ભાર મુકાયો

**પલસાણા તાલુકા પંચાયતનું રૂ.59.22 કરોડનું પુરાંતલક્ષી બજેટ મંજૂર**

પલસાણાઃ સોમવારે બપોરે પલસાણા તાલુકા પંચાયતની મહત્ત્વની સામાન્ય સભા પ્રમુખ યોગેશભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ સભામાં આગામી વર્ષ 2026-27 માટેનું અંદાજપત્ર સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું, જેમાં ગ્રામીણ વિકાસ અને શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

પંચાયત પ્રમુખ યોગેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, તાલુકાના સર્વાંગી વિકાસ માટે કુલ રૂ. 59,22,10,000નું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. આ બજેટમાં સ્વભંડોળમાં રૂ.46,14,47,000, સરકારી પ્રવૃત્તિઓમાં રૂ. 47,23,85,000, દેવા વિભાગમાં રૂ.7 કરોડ 36 લાખ 800 હજારની ફાળવણી કરવામાં આવી હતી. પોતાનાં પાંચ વર્ષના કાર્યકાળની સિદ્ધિઓ વર્ણવતા પ્રમુખે જણાવ્યું હતું કે, પલસાણા તાલુકાની શાળાઓ અને આંગણવાડીઓને અત્યાધુનિક બનાવવાનું તેમનું મુખ્ય ધ્યેય રહ્યું છે.

"અમે તાલુકાની મોટા ભાગની જર્જરિત આંગણવાડીઓને તોડીને તેના સ્થાને નવી અને આધુનિક આંગણવાડીઓ બનાવી છે. જે આંગણવાડીઓ જૂની છે, ત્યાં રિનોવેશન કરીને લેટેસ્ટ ટાઈલ્સ, વોટરપ્રૂફિંગ અને રસ્ટિક કલર કામ સાથે નવો ઓપ આપવામાં આવ્યો છે.

પ્રમુખે વધુમાં ઉમેર્યું કે, ખાસ કરીને આદિવાસી વિસ્તારનાં બાળકો સારી સુવિધાઓ વચ્ચે અભ્યાસ કરીને આગળ વધે તે માટે પંચાયત સતત પ્રયત્નશીલ છે. ટી.એસ.પી. અને જિલ્લા પંચાયતના સહયોગથી બાકી રહેલી આંગણવાડીઓના કામો પણ ટેન્ડરિંગ પ્રક્રિયામાં છે, જે આગામી 2 થી 3 મહિનામાં પૂર્ણ થઈ જશે.

આ સામાન્ય સભામાં તાલુકા પંચાયતના સભ્યો અને અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વિકાસનાં કામોને વેગ આપવા બદલ પ્રમુખની કામગીરીને બિરદાવી હતી.

## અંકલેશ્વરના ચૌટાનાકા નજીક બે શખ્સ બુલેટ ચોરી ફરાર

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વરનાં ચૌટાનાકા વિસ્તાર નજીક આવેલા પેટ્રોલ પંપ પાસે આંબોલી ગામના રહેવાસી જીતેશ વસાવાએ પોતાની બુલેટ બાઈક ત્યાં પાર્ક કરી હતી. એ વેળા, બે અજાણ્યા ઈસમો બાઈક ચોરી ફરાર થઈ ગયા હતા. જે ઘટના પેટ્રોલ પંપ પર લાગેલા CCTV ફૂટેજમાં કેદ થઈ ગઈ હતી. CCTV ફૂટેજમાં સ્પષ્ટપણે દેખાઈ છે કે બે શંકાસ્પદ વ્યક્તિઓ બાઈક પાસે આવે છે, તેની સાથે છેડછાડ કરે છે અને બાદમાં બાઈક લઈને જતા રહે છે. બનાવ અંગે જાણ થતાં જ જીતેશ વસાવા દ્વારા અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી CCTV ફૂટેજના આધારે આરોપીઓને શોધવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## રામકૂવા ગામમાં ગોચર જમીનનું અસ્તિત્વ બચાવવા ગ્રામજનો મેદાને

**પાણી પુરવઠા અને મધ્યાહન ભોજન યોજના માટે ફાળવાયેલી જમીન મુદ્દે ગ્રામજનોનો વિરોધ**

**ગામના આગેવાનોએ તાપી કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરી**




વ્યારાઃ વ્યારાના રામકૂવા ગામમાં પાણી પુરવઠા અને મધ્યાહન ભોજન યોજના માટે ગોચરની જમીન ફાળવવામાં આવી છે. જેનો ગ્રામજનો દ્વારા વિરોધ કરવામાં આવતાં ગતરોજ ગામના આગેવાનોએ તાપી કલેક્ટર ડો.વિપિન ગર્ગને આવેદનપત્ર આપી યોજનાને અન્ય સ્થળે ખસેડવાની માંગ કરવામાં આવી હતી. અંદાજિત 1200ની વસતી ધરાવતા આ રામકૂવા ગામમાં મોટા ભાગના લોકો ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ત્યારે ગામની ગોચર જમીન ધીમે ધીમે ઓછી થઈ રહી હોય હવે ગોચરની જમીન નહીંવત્ બચી હોવાથી ગ્રામજનોને આગામી સમયમાં ગામમાં ગોચરની જમીન જ રહેશે નહીં તેવો ભય સતાવી રહ્યો છે. જેને લઈ ગ્રામજનો ગામમાં સરકારી પાણી પુરવઠા અને મધ્યાહન ભોજન યોજનાનો વિરોધ કરી રહ્યા છે. તેમજ પેસા એક્ટ મુજબની જોગવાઈઓ મુજબ ગામના લોકોને વિશ્વાસમાં લીધા વિના જ ગામમાં યોજનાઓ લાગુ કરવામાં આવી હોવાથી ગ્રામજનોમાં તંત્ર પ્રત્યે રોષ ફેલાયો છે અને કોઈ પણ યોજના અમલી બનાવતા પહેલાં ગામ લોકોને વિશ્વાસમાં લઈ સ્થાનિકોની સહમતીથી જ કોઈપણ યોજના અમલી બનાવવાની માંગ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ ગત વર્ષે તા.6-10-2025ના રોજ પણ આ બાબતે ગ્રામજનોએ તાપી કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. જો કે, હજુ સુધી કોઈ નક્કર ઉકેલ ન આવતાં ગ્રામજનોને ગતરોજ ફરી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું છે અને ગામમાં ગોચરની જમીન નહીંવત્ બચી હોવાથી પાણી પુરવઠા અને મધ્યાહન ભોજન યોજનાને અન્ય સ્થળે ખસેડવાની માંગ કરી હતી. જો કોઈ ઉકેલ ન આવે તો ગ્રામજનોએ આગામી કોઈપણ ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

## કીમમાં માલગાડીઓના ટ્રેક પર વીજકરંટના તણખા ઝર્યા

**ભડાકા, ચણગા ઊડતાં ધુમાડાના ગોટેગોટા, સ્ટેશન પર નાસભાગ મચી**



કિરણ ઢોડિયા

કીમઃ કીમ રેલવે ઓવરબ્રિજ અને રેલવે ટ્રેક પર આજે એક મોટી હોનારત બનતા બનતા રહી ગઈ હતી. હાલ કીમ ઓવરબ્રિજ ઉપર વીજપોલ લાઈટના નિર્માણની કામગીરી ચાલી રહી છે, તે દરમિયાન અચાનક વીજપોલનો વાયર કોઈક કારણસર રેલવે ફ્રેટ ઓવરહેડ વાયર પર પડી ગયો હતો. વાયર પડતાની સાથે જ રેલવે ફ્રેટ કોરિડોર લાઈન પર જોરદાર ભડાકા થયા હતા. જેના કારણે કીમ રેલવે સ્ટેશન વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. અવાજ એટલો ભયાનક હતો કે મુસાફરો અને આસપાસના લોકોમાં ભય ફેલાયો હતો. સદનસીબે તૂટી પડેલો વાયર મુખ્ય રેલવે લાઈન પર ન પડતાં કોઈ મોટી દુર્ઘટના ટળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ લાઈન પર મુખ્યત્વે ગુડ્સ ટ્રેનની અવરજવર રહેતી હોય છે, જેના કારણે યાત્રિક ટ્રેનોને કોઈ અસર પહોંચી નથી. ઘટનાની જાણ થતા જ ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઇન્ડિયાના ટેક્નિશિયન દ્વારા તાત્કાલિક વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રેલવે ફ્રેટ કોરિડોરની ટેક્નિકલ ટીમ સ્થળ પર પહોંચી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. રેલવે સૂત્રો દ્વારા આ ઘટનાને કારણે ટ્રેન વ્યવહાર પર કોઈ અસર પડી નથી. જો કે, દુર્ઘટનાને પગલે રેલવે ઓવરબ્રિજ પર કામ કરતી ઇલેક્ટ્રિકલ ટીમ સ્થળ પરથી પલાયન થઈ ગઈ હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### કોસાડી ગામમાં તસ્કરોનો તરખાટ



હિતેશ પટેલ

માંડવીઃ માંડવીના કોસાડી ગામમાં રહેતા સોમાભાઈ ખુશાલભાઈ પટેલ અને તેમનો પરિવાર રાત્રે ઘરના આગળના રૂમમાં અને પહેલા માળે ભરનિદ્રામાં હતો. દરમિયાન મધ્ય રાત્રિના આશરે ૨થી ૩ વાગ્યાના અરસામાં તસ્કરોએ ઘરના પાછળના ભાગેથી પ્રવેશ કર્યો હતો. તસ્કરો ઘરનો પાછળનો દરવાજો તોડી અંદર પ્રવેશી સામાન વેરવિખેર કરી રોકડા ચોરી કરી પલાયન થઈ ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, કોસાડી ગામમાં ચોરીનો આ કોઈ પહેલો બનાવ નથી. અગાઉ પણ ગામમાં એકસાથે અનેક ઘરોમાં તસ્કરોએ હાથફેરો કર્યો હતો, એટલું જ નહીં થોડા દિવસો પૂર્વે ખેતરોમાંથી વાયર ચોરીની ઘટના પણ સામે આવી હતી. આવી ઘટનાઓને પગલે કોસાડી ગામના લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે પોલીસ પેટ્રોલિંગ સઘન બનાવી ચોરોને પકડે એ જરૂરી છે.

### પલસાણાના શેઢાવમાં ઈનો સમજી ઝેરી દવા પી જતાં મહિલાનું મોત

પલસાણાઃ પલસાણાના શેઢાવની સરદાર નગર સોસાયટીમાં રહેતા કંચનબેન કૈલાસચંદ પારીક (ઉં.વ.૪૮) તા.૨૧/૦૨/૨૦૨૬ના રોજ સવારે પોતાના ઘરના ઉપરના રૂમમાં હતા. આ સમયે ઘઉંના પીપ ઉપર અનાજમાં નાંખવાની સલ્ફાસની ઝેરી ટીકડીઓ પડી હતી. કંચનબેને ભૂલથી આ ટીકડીને ઈનો સોડા સમજી તેનું સેવન કરી લીધું હતું. ઝેરી ટીકડીની અસર થતાં જ મહિલાની તબિયત લથડી હતી, જેથી તેમને તાત્કાલિક સુરતની સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં રાત્રે સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

### સાયણમાં શ્રમિક મૃત હાલતમાં મળી આવ્યો

સાયણઃ મૂળ ઉત્તરપ્રદેશ રાજ્યનો વતની રામપ્યારે વલજીત યાદવ(ઉં.વ.૪૮) હાલમાં દેલાડ ગામે સ્વામિનારાયણ મંદિરની બાજુમાં આવેલા કોમ્પલેક્સમાં ભાડાની રૂમમાં રહી મજૂરીકામ કરતો હતો. રામપ્યારે યાદવ રવિવારે બપોરે સાયણ-શેખપુર જતા રોડ ઉપર ગેસ ગોડાઉનની પાસે આવેલા જ્ઞાનદીપ ઈન્ડસ્ટ્રિયલના સદગુરુ ટેક્સટાઈલમાંથી બેભાન હાલતમાં મળી આવ્યો હતો. જેથી તેને સારવાર માટે સાયણ ખાતેની સરકારી હોસ્પિટલમાં લઈ જવાતા ફરજ પરના ડોક્ટરે તેને તપાસી મૃત જાહેર કર્યો હતો.

### માંડવીમાં ભાડા કરાર વિના મકાન ભાડે આપનારા સામે પોલીસની તવાઈ

માંડવીઃ માંડવી પોલીસે તડકેશ્વર વિસ્તારમાં કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરતાં ચાર ઈસમની ધરપકડ કરી છે. ભાડા કરાર અંગેના નિયમોનું પાલન ન કરાતાં કિશોરસિંહ દિલીપસિંહ રાજપૂત, નરેશકુમાર અત્તરસિંહ ચૌહાણ, રાજીવકુમાર જીયાલાલ ચૌહાણ અને ગોપાલસિંહ ઉર્ફે ગોવિંદભાઈ રાજપૂત સામે કાર્યવાહી કરાઈ હતી. આ કામગીરીમાં તડકેશ્વર આઉટ પોસ્ટના પીએસઆઈ બી.એન.જાદવ અને તેમની ટીમે સહયોગ આપ્યો હતો.

### અનાવલ હાઈસ્કૂલમાં ત્રિવિધ કાર્યક્રમ



સલીમ દિવાન

ભોરિયાઃ અનાવલ સ્થિત શ્રી કે.એલ. પટેલ અને વી.એમ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલમાં મંડળના પ્રમુખ વિપુલભાઈ એન.પટેલના અધ્યક્ષ સ્થાને ત્રિવિધ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન શાળાના નિવૃત્ત થઈ રહેલા કર્મચારીઓનો સન્માનપૂર્વક વિદાય સમારંભ યોજાયો હતો, જેમાં વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક સેવા આપનાર કર્મચારીઓને શાલ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી તેમના યોગદાનની વિશેષ કદર કરવામાં આવી હતી. આ સાથે જ, અન્ય સ્થળે બદલી પામેલા શિક્ષક અભિલાષ પટેલની સેવાઓને યાદ કરી તેમને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. ઉપરાંત, ધોરણ 10 અને 12ના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે પણ ભાવભીનો વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે મંડળના ઉપપ્રમુખ ઝવેરભાઈ, આંગલધરા દૂધમંડળીના પ્રમુખ અમરતભાઈ પટેલ, મંત્રી રામભાઈ પટેલ, આચાર્ય ભૂપેન્દ્રભાઈ પટેલ, ચોરવલાના સિદ્દિકભાઈ તથા ટ્રસ્ટ પરિવારના સભ્યો, અનિલભાઈ જી. પટેલ, જયેશભાઈ પટેલ હાજર રહ્યા હતા.

### તપસ્વી વિદ્યાસંકુલ ખાતે કાર્યક્રમ



હિતેશ પટેલ

માંડવીઃ સરસ્વતી વન વિદ્યા સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ તથા ઇનોવેશન ક્લબના સંયુક્ત ઉપક્રમે તપસ્વી વિદ્યા સંકુલ ખાતે 'Innovation & Entrepreneurship Outreach Program' વિષયક એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો.વી.વી.મકવાણા, તપસ્વી વિદ્યા સંકુલના આચાર્ય ફાલ્ગુન શાહ, પંચમ બારૈયા, કીર્તિ પટેલ, ડો.વિજય પ્રજાપતિ સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા. વર્કશોપમાં કુલ ૭૨ વિદ્યાર્થીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## માંડવી નગરમાં પાંચ વાહન ડિટેઈન કરાયાં



હિતેશ પટેલ

માંડવીઃ માંડવી પોલીસે શહેરમાં વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. ચેકિંગ દરમિયાન કેટલાંક ટુ-વ્હીલર વાહનોને ગેરકાયદે રીતે થ્રી-વ્હીલર તરીકે રૂપાંતરિત કરાયેલા જોવા મળ્યાં હતાં. આ ઉપરાંત, કાનૂની મંજૂરી વિના ફેરફાર કરાયેલા અને નિયમોનું ઉલ્લંઘન કરીને વધુ અવાજ કરતાં 5 વાહનો પણ પોલીસે ઝડપી ડિટેઈન કર્યાં હતાં. જેથી નિયમોનું ઉલ્લંઘન કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

## કોસંબા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.2ના શૌચાલયને તાળાં લાગી ગયાં!

**શૌચાલયને તાળું મરાતાં મુસાફરો પરેશાન**



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.2 પર આવેલું શૌચાલય છેલ્લા ઘણા સમયથી બંધ રહેતાં રોજના હજારો મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ સુવિધા બંધ હોવાને કારણે રેલવે તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે. તરસાડીના જાગૃત નાગરિક અને રેલવે સલાહકાર સમિતિના સભ્ય બળવંતભાઈ ઈશ્વરભાઈ પંચાલે આ બાબતે ગંભીર નોંધ લીધી છે. તેમણે કોસંબા સ્ટેશન માસ્ટર સહિત વડોદરા DRM, દિલ્હી રેલવે વિભાગ અને સાંસદ પ્રભુભાઈ વસાવાને લેખિત રજૂઆત કરી ત્વરિત ઉકેલ લાવવા માંગ કરી છે.

ફરિયાદમાં જણાવાયું છે કે, પ્લેટફોર્મ નં.1 પર શૌચાલય ચાલુ છે, પરંતુ ટ્રેક ઓળંગીને સામા છેડે જવું મુસાફરો માટે જોખમી અને અગવડભર્યું છે. ખાસ કરીને મહિલાઓ, બાળકો, સિનિયર સિટિઝન અને દિવ્યાંગોની હાલત કફોડી બની છે. કોસંબા ઔદ્યોગિક વિસ્તાર હોવાથી અહીંથી રેલવેને મોટી આવક થાય છે, છતાં તંત્રની નિષ્ક્રિયતાને કારણે પાયાની સુવિધાઓ રામભરોસે છે. શૌચાલયને પણ ખંભાતી તાળું મારેલું જોવા મળે છે. અહીં રોજ અપડાઉન કરતા હજારો મુસાફરો દ્વારા રેલવે તંત્રને મોટી કમાણી થાય છે. અને પ્રજાને સુખાકારી માટે તંત્ર દ્વારા અનેક સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે છે. પરંતુ હેન્ડલ કરનારાઓ તેમજ દેખરેખ કરનારાઓ પણ તદ્દન નિષ્ક્રિય રહેતાં મુસાફરોને હેરાન થવું પડે છે. જેથી બંધ પડેલું શૌચાલય તાત્કાલિક ચાલુ કરવા માંગ કરવામાં આવી છે.

## તરસાડીમાં કેન્સરની બીમારીથી પીડાતા સિરાજ સિંધીનો આપઘાત

હથોડાઃ તરસાડીના ક્રિસ્ટલ એપાર્ટમેન્ટ ખાતે રહેતા 79 વર્ષના સિરાજભાઈ જુસુફભાઈ સિંધી કેન્સરના છેલ્લા સ્ટેજથી પીડાતા હતા અને તેઓએ સોમવારે ભરૂચ દવા લેવા જવાનું કહીને ઘરેથી નીકળ્યા બાદ હથુરણ ગામે ટ્રેન આગળ પડતું મૂકી આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે કોસંબા પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.


Milano MULTIPLEX
બારડોલી
Lagan Laagii Re-Gujarati
06:00pm,9.30pm
Mardaani 3
10:30am, 12:00pm, 03:00pm,07:00pm, 10:00pm
Border 2
01:00pm, 05:30pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


### જાહેર હરાજી

આંબોલી પ્રા.શાળા તા. કામરેજ જી. સુરત ખાતે આવેલ જૂના 3 ઓરડા તોડી પાડવા માટે તા. 27/2/2026 શુક્રવાર બપોરે 11 કલાકે રાખેલ છે રસ ધરાવતા વ્યક્તિઓએ હાજર રહેવું બોલી અને શરતો સ્થળ પર જણાવવામાં આવશે.

એસએમસી
આંબોલી પ્રા શાળા

### જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૪૩/૨૦૨૬
તા.૦૯/૦૨/૨૦૨૬

વાદી :- ઈલ્યાસ ઈબ્રાહીમ ભુલા, રહે.મોસાલી, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૨૧.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી શાહ ગૃપ ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૨૧

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ઈલ્યાસ ઈબ્રાહીમ ભુલા, રહે. મોસાલી, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૨૧એ તેઓના પોતે ઈલ્યાસ ઈબ્રાહીમ ભુલાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ઈલ્યાસ ઈબ્રાહીમ ભુલા ૨. જન્મ તારીખ: ૦૨/૦૬/૧૯૬૪ ૩. જન્મનું સ્થળ: મોજે.શાહ, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે ઈલ્યાસ ઈબ્રાહીમ ભુલાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૩/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહી આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

### જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૬૫/૨૦૨૬
તા.૦૯/૦૨/૨૦૨૬

વાદી :- જમનાબેન ચંદુભાઈ વસાવા, રહે.નાની પારડી, મંદિર ફળિયુ, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૧૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી નાની પારડી ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૧૦

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી જમનાબેન ચંદુભાઈ વસાવા, રહે.નાની પારડી, મંદિર ફળિયુ, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૧૦એ તેઓના પોતે જમનાબેન ચંદુભાઈ વસાવાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: જમનાબેન ચંદુભાઈ વસાવા ૨. જન્મ તારીખ: ૦૧/૦૫/૧૯૮૯ ૩. જન્મનું સ્થળ: મોજે.નાની પારડી, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે જમનાબેન ચંદુભાઈ વસાવાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૨/૦૩/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત